જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૩/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૫૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૧૮	૪	૧૧૩૨૨	૧૭૪૩૮	૪	૧૭૪૪૨
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૩	૨	૪૭૦૫	૬૨૨૬	૨	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૦૧૨૪	૧૯૩	૩૦૩૧૭	૩૧૫૦૪	૧૮૩	૩૧૬૮૭
કુલ		૪૬૨૧૫	૧૯૯	૪૬૪૧૪	૫૫૪૪૬	૧૮૯	૫૫૬૩૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૬	૧૦,૫૮,૫૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૨૭	૭,૨૭,૦૦૦/-

અપહરણ/લુંટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રામોલ પોલીસ સ્ટેશન

ગણતરીના કલાકોમાં અપહરણ તથા લુંટના અનડીટેક ગુનાનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ

લુટમાં ગયેલ મુદ્દામાલ રોકડા રૂપીયા ૩૮૦૦/- તથા સીએનજી રીક્ષા તથા ગુનામાં વાપરેલ મો.સા મળી કુલ્લે કીમત રૂપીયા ૯૮૮૦૦/- ના મુદ્દામાલ સાથે ચાર ઈસમો ઝડપાયા

મે.પો.ક.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી “આઈ” ડીવીઝન સાહેબની સુચના મુજબ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તારીખ:૨૪/૦૩/૨૦૨૧ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ બી.આર.ભાટી તથા એ.એસ.આઈ મહેન્દ્ર દાજીરાવ બ.નં.૭૮૦૪ તથા સ્ટાફના માણસો સાથે મીલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ્ટે વીસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો યુવરાજસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૧૧૮૮૧ તથા પો.કો મયપાલસિંહ માનસિંહ બ.નં.૧૧૨૯૩ તથા પો.કો મયુરભાઈ માધાભાઈ બ.નં.૯૫૨ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે રામોલ ગામ ત્રણ રસ્તા પાસે પંચો સાથે વોચ તપાસ કરતા આરોપીઓ નં.૧ કાર્તીક ઉર્ફે ટકીયા સ/ઓ ભગવાનદાસ પુન્ડલીકભાઈ સરદાર ઉવ:૨૨ રહે:૨૪ હીમાંશુ પાર્ક રાજેશ પાર્ક ની સામે એક્ષપ્રેસ હાઈવે સામે ખોખરા અમદાવાદ શહેર તથા નં.૨ નીલેષ ઉર્ફે રામજાને સ/ઓ લક્ષ્મણભાઈ સીતારામ વાડ્લે ઉવ:૨૨ રહે:સરદારજીની ચાલી ભાઈપુરા ખોખરા અમદાવાદ શહેર મુળવતન ગામ:ડેકરવાડા બસ સ્ટેન્ડ પાછળ ચોપડા તા:ચોપડા જી:જલગાવ મહારાષ્ટ્ર તથા નં.૩ ચીરાગ સ/ઓ પરષોતમભાઈ ત્રીકમભાઈ ચાવડા ઉવ:૨૩ રહે:ઈ/૪૦૪ સુકન હાઈટ્સ સુર્યમ ગ્રીનની પાસે વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર તથા નં.૪ રાકેશ ઉર્ફે કાળીયો સ/ઓ નટવરભાઈ સવજીભાઈ વાઘેલા ઉવ:૨૭ રહે:મંસુરીની ચાલી ગુલાબનગર પાસે અમરાઈવાડી અમદાવાદ શહેર નાઓને પોતાના કબજાની સીએનજી રીક્ષા નં. તથા સ્પેલન્ડર આઈ સ્માર્ટ નં. તથા રોકડા રૂપીયા ૩૮૦૦/- મળી કુલ્લે કીમત રૂપીયા ૩૮૮૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી સદરી ઈસમોની પુછપરછ દરમ્યાન તેઓએ જણાવેલ કે ગઈ કાલ રાત્રીના તમામ ઈસમો ઉપરોક્ત મો.સા લઈ બહાર ફરવા નીકળેલ અને એક મો.સા ઉપર ચાર માણસો બેસેલ જેથી તેઓ સીટીએમ એક્ષપ્રેસ હાઈવે પાસે આવેલ અને ઉપરોક્ત રીક્ષા લઈ રીક્ષા ચાલક રીક્ષામા સુતો હોય તેને જગાડી રીક્ષા લઈ તેઓની સાથે આવવા જણાવતા તે રીક્ષા ચાલકે કર્યું હોય જેથી સાથે નહી આવવા જણાવતા આરોપીઓએ રીક્ષા ચાલુ કરી રીક્ષા ચાલકને રીક્ષામા બેસાડી લાફા મારી રીક્ષા લઈ ભાગી ગયેલ અને રીક્ષા ચાલક ચાલુ રીક્ષાએ બહાર કુદી ગયેલ હોવાની કબુલાત કરતા સદરી બનાવ બાબતે રામોલ પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૧૦૩૪૮/૨૧ ઈપીકો કલમ ૩૯૪,૩૬૫,૧૧૪ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે ગુનાના કામે ઉપરોક્ત મુદ્દામાલ કબજે કરી તમામ ઈસમો વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી અપહરણ તથા લુટનો અનડીટેક ગુનો શોધી કાઢેલ છે.

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૫૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૨૦૨ લીટર દેશી દારૂ અને ૧૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૫૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૫૬/૨૦૨૧**

કૃષ્ણનગરઃ જય સંજયભાઇ અમીન (ઉ.વ.૩૨) (રહે. સેલજા ગ્રીન સોસાયટી પશુનિયામક કચેરી સામે રાધનપુર રોડ મહેસાણા) એ તા.૨૪/૦૩/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જય અમીનને પૈસાની જરૂર હોઈ એકાઉન્ટન અંકીતભાઇ પટેલનો સંપર્ક કરતા અંકીતભાઇ પટેલે તા.૧૧/૦૩/૨૦૨૧ રાતના ૧૦/૦૦ વાગે કૃષ્ણનગર વિજય પાર્ક ચાર રસ્તા ખાતે કંપનીના કર્મચારી આરોપી કલ્પેશભાઇ જસવંતભાઇ સોમપુરા (રહે. અલીબાઇની ચાલી મેડા ઉપર ખોખરા) ને બોલાવી રૂપિયા ૩,૧૭,૫૦૦/- વડોદરા ખાતે જય અમીનને આપવા મોકલેલ. જે રૂપિયા બિજા દિવસ સુધી પણ જય અમીનને નહી આપી મોબાઈલ ફોન બંધ કરી પૈસા લઈ ભાગી જઈ વિશ્વાસઘાત અને છીતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

શહેરકોટડાઃ ભુદરાભાઇ નારણભાઇ પ્રજાપતિ (રહે. ગાયત્રીનગર વિભાગ-૧ દુર્ગા સ્કુલ આગળ ચાંદલોડીયા) એ તા.૨૪/૦૩/૨૦૨૧ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે માર્ચ સને-૨૦૧૮ માં આરોપી (૧) પ્યારેલાલ જોધારામ પટેલ અને (૨) શંકર પ્યારેલાલ પટેલ (રહે. શિવાલીક ઇન્ડ્રસ્ટ્રીયલ પાર્ક આંબા હોટલની બાજુમાં ચાંદીયેલ તા-દસકોઇ જી-અમદાવાદ) એ ભેગા મળી ભુદરાભાઈ સાથે મિત્રતા કેળવી વિશ્વાસમાં લઇ ભુદરાભાઈ સાથે એલ્યુમિનિયમ ભંગારનો વેપાર ધંધો કરી સરસપુર નુતનમીલ કમ્પાઉન્ડ પુષ્પરાજ એસ્ટેટ શેડ નંબર-૨ ખાતે ભુદરાભાઈ પાસેથી એલ્યુમિનિયમના ભંગારનો માલ કુલ કિમત રૂપિયા ૩૭,૮૨,૪૪૧/- લઇ જઈ તે પૈકી બાકી નિકળતા રૂપિયા ૮,૦૩,૨૪૨/- આજ દીન સુધી નહી આપી વિશ્વાસઘાત અને છીતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

નવરંગપુરાઃ રજનીકાન્ત ભીખાભાઇ જાદવ (રહે.શ્રી પ્રભુ સોસાયટી શ્યામ બંગ્લો-૨ પાસે આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ તા.૨૪/૦૩/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને-૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન એલીસબ્રીજ સેન્ટ્રલ મોલ પંચવટી કેવન્ય કોમ્પ્લેક્ષ ખાતેથી આરોપી (૧) મહેશભાઇ ગોવિંદભાઇ ચાલોડીયા (રહે. સહર સોસાયટી કપોદરા સુરત) (૨) વી.કે.એસોસીયેટસના માલીક વિશાલ ડી. કોડારી (રહે. બ્લોક નં.૩૦, મહાવીર, રુદ્રા-૧,ભક્તિ આશ્રમ કાલાવડ રોડ, રાજકોટ) (૩) ગૌરાંગ ઠાકોર (ડી.એસ.એ.) (રહે. સ્વસ્તિક સોસાયટી, પરિવાર સ્કુલ પાછળ આજવા રોડ બરોડા) (૪) પૂજા જૈવિક બ્રહ્મભટ્ટ (ડી.એસ.એ.) (રહે. નોબલનગર કોતરપુર વોટરવર્કસ સામે, કુબેરનગર) અને (૫) ઇમરાન કાલુ પઠાણ (રહે. રહેમતનગર રોડ વાલક મીરીક હુન્ડાઇ સુરત) એ ભેગા મળી રજનીકાન્ત જાદવની કંપનીમાં યુઝ્ડ વ્હીકલ લકઝરી બસ અશોક લેલન નંબર- AR01K3414 તથા લકઝરી બસ અશોક લેલન AR01K3413 પર લોન મેળવવા યુઝડ લકઝરી બસના ખોટા ડોક્યુમેન્ટ બનાવડાવી કંપનીમાંથી લોન મેળવી લોનના રૂપિયા ૧૮,૧૧,૭૬૦/- પરત નહી ભરી કંપની સાથે વિશ્વાસઘાત અને છીતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ જય સ/ઓ કિરીટકુમાર મોદી (ઉ.વ.૩૧) (રહે. રાજયશ રીવેરા, જી.બી.શાહ કોલેજ પાછળ વાસણા) એ તા.૨૪/૦૩/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૧/૨૦૨૦ થી તા.૨૦/૦૨/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી વિનાયક મહેતા, શેલી ગોયલ, ચેતન રાઠોડ, ઇન્દ્રદેવ મરીક તથા અજય ટાંક, મિલન શર્મા, એકતા રાવત નાઓ કોલરો સાથે મળી પોતાની ઓળખ છુપાવી અન્ય નામ રાહુલ મોબાઈલ નંબર ૭૨૦૮૩૦૭૪૨૧ ૯૧૭૯૬૭૨૪૨૧, વિવાન મોબાઈલ નંબર ૭૪૪૦૭૨૦૮૫૪, રાધીકા મોબાઈલ નંબર ૭૩૮૯૬૮૨૭૧૧, અંજલી મોબાઈલ નંબર ૭૯૦૯૩૭૯૧૦૩,૮૧૦૮૬૦૫૫૪૦ પિયુષ મોબાઈલ નંબર ૯૬૪૪૪૦૪૪૭૮, પ્રિયાસીંઘ ઠાકુર મોબાઈલ નંબર ૮૧૦૮૬૦૫૫૪૨ રોહિત મોબાઈલ નંબર ૯૬૩૦૧૬૦૭૧૧ તેમજ મોબાઈલ નંબર ૯૧૭૪૨૭૯૨૧૪ ના ધારકે પોતાની ઓળખાણ CAPSTONE RESERCH GROUP/કંપનીના કર્મચારી/અધિકારી તરીકે આપી, શેર માર્કેટમાં ટાટા મોટર્સ, બજાજ ફાઇનાન્સ, પીરામલ એન્ટરપ્રાઇઝ વિગેરેમાં હેવી કોન્ટીટીમાં શેર ખરીદ કરેલાનુ જણાવી. જે શેરમાં નુકસાન તેમજ ફાયદો બતાવી ટ્રેડ સ્કેવેરોફ કરવા માટે CAPSTONE RESERCH GROUP/કંપનીના લોગોવાળો ડુપ્લીકેટ લેટરપેડ પર કોન્ટ્રાકટ લેટર મોકલી આપી જય મોદીને વિશ્વાસ અને ભરોષો આપી જય મોદી પાસે કુલ રૂપિયા ૧૫,૨૩,૭૬૮/- ભરાવડાવી વિશ્વાસઘાત અને છીતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.દેસાઇ ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૫૫૭/૨૦૨૧**

ઘાટલોડીયાઃ ધવલભાઇ ભુપતરાય જાની (રહે. મધુવ્રુંદ સોસાયટી એસટીલો સલુનની બાજુમાં ત્રિપદા સ્કુલ પાસે નિલકંઠ મહાદેવ રોડ કે.કે.નગર ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૪૫ થી કલાક ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૧,૭૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી શૈલેષભાઇ દલસંગભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૫૫૮/૨૦૨૧**

માધવપુરાઃ જયંતીભાઇ કરશનભાઇ પરમાર (ઉ.વ.૩૦) (રહે. શાંતિપુરાના છાપરાં શાહપુર દરવાજા બહાર માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૩/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશકુમાર કાન્તીલાલ ચલાવે છે.

રિવરફ્રંટ વેસ્ટઃ મુકેશભાઇ ધનજીભાઇ સોલંકી (ઉ.વ.૪૨) (રહે. ડામરવાળી ચાલી ચિસ્તી ચેમ્બર્સ સામે ફાયર સ્ટેશન રોડ શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૩/૨૦૨૧ કલાક ૯/૦૦ વાગ્યા પહેલા બાટા શો-રૂમ સામે રીવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૬ નજીક નદીના પાણીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જગદીશચંદ્ર આત્મરામ ચલાવે છે.

રિવરફ્રંટ ઈસ્ટઃ રાજ ઉર્ફે રાની રૂપેશભાઇ ચુનારા (ઉ.વ.૨૧) (રહે. જીવાભાઇના છાપરાં આઝાદ સોસાયટી પાસે સેટેલાઇટ રોડ આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૩/૨૦૨૧ કલાક ૧૧/૧૫ વાગ્યા પહેલા કોતરપુર જોગણી માતાના મંદિર પાછળ નદીના પાણીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી